રજા પ્રવાસ રાહત હેઠળની મુસાફરી દરિયાઇ માર્ગે કરવા માટેના પાત્રતાનાં ધોરણો.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૦-૧૩૨૧-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૯મી ઓગષ્ટ, ૨૦૦૦.

**વંચાણમાં લીધા ::-**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૨૧૯૧-૧૧૧૭-જ, તા.૧લી જુલાઇ,૧૯૯૧.
(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએસબી-૧૦૯૯-૩૨૪-જે, તા.૨૧મી એપ્રિલ,૧૯૯૯.
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૯૯-૫૪૪-ચ, તા.૭મી જુલાઇ, ૧૯૯૯.

## ઠ રા વ.

આમુખમાં દર્શાવેલ તા.૨૧-૪-૧૯૯૯ અને તા.૭-૭-૧૯૯૯ ના ઠરાવ અન્વયે રજા પ્રવાસ રાહત હેઠળ હવાઇ, રેલ્વે અને રોડ માર્ગે બસ દ્વારા મુસાફરી માટેના વર્ગોની પાત્રતા વગેરે નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ ચાર વર્ષના બ્લોકમાં રજા પ્રવાસ રાહત હેઠળ (ભારત દર્શન) ભારતના કોઇપણ સ્થળ સુધીનું (૩૦૦૦ કી.મી.જવાના અને ૩૦૦૦ કી.મી.આવવાના એમ કુલ ૬૦૦૦ કી.મી.ની મર્યાદામાં) રજા પ્રવાસ રાહત લઇ શકે છે. રાજય સરકારના કર્મચારીઓ રજા પ્રવાસ રાહત હેઠળ આંદોમાન, નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુ સમુહ કે જે ભારતમાં આવેલ હોવાથી આ ટાપુઓ પર રજા પ્રવાસ રાહતની મુસાફરી કરી શકે છે. ભૂમિ ઉપરથી આ ટાપુઓ સુધી પહોંચવા માટે હવાઇ માર્ગે અથવા તો દરિયાઇ માર્ગે મુસાફરી કરવાની રહે છે. ભારત સરકારે તેના કર્મચારીઓ માટે રજા પ્રવાસ રાહત હેઠળની દરિયાઇ મુસાફરી માટે પાત્રતાનાં ધોરણો નક્કી કરેલ છે. પરંતુ, રાજ્ય સરકારે દરિયાઇ માર્ગે મુસાફરી અંગેના પાત્રતાના (Entitlements) ધોરણો નક્કી કરેલ ન હોવાથી તેમજ આ બાબતમાં સચિવાલયના ઘણા વિભાગો તરફથી પૃચ્છાઓ પણ કરવામાં આવે છે, રજા પ્રવાસ રાહત હેઠળ દરિયાઇ માર્ગે મુસાફરી અંગેની પાત્રતાનાં ધોરણો નક્કી કરવા અંગેની બાબતે સક્રિય વિચારણાના અંતે આથી નીચે મુજબ પાત્રતાનાં ધોરણો નક્કી કરવામાં આવે છે.

**(ક) દરિયાઇ અથવા નદી માર્ગે સ્ટીમર દ્વારા મુસાફરી ::-**

| પગાર શ્રેણી | | પાત્રતા(Entitlements) |
|---|---|---|
| ૧. | રૂા.૮૦૦૦ અને તેથી વધુ મુળ પગાર | ઉંચામાં ઉંચો વર્ગ (Highest Class) |
| ૨. | રૂા.૬૫૦૦ અને તેથી વધુ પરંતુ રૂા.૮૦૦૦ થી ઓછો મુળ પગાર | જો સ્ટીમરમાં બે વર્ગ હોય તો નીચલો વર્ગ (Lower Class) |
| ૩. | રૂા.૪૧૦૦ અને તેથી વધુ પરંતુ રૂા.૬૫૦૦ થી ઓછો મુળ પગાર | જો સ્ટીમરમાં ત્રણ વર્ગ હોય તો વચ્ચેના વર્ગ અથવા બીજો વર્ગ. જો ચાર વર્ગ હોય તો ત્રીજો વર્ગ (If there are tree Classes Middle OR the Second Class and there are four Classes the third Class) |
| ૪. | રૂા.૪૧૦૦ થી ઓછો મુળ પગાર | સૌથી નીચલો વર્ગ (The Lowest Class) |

(ખ) ભૂમિ ઉપરથી આંદોમાન અને નિકોબાર ટાપૂ સમુહ અથવા લક્ષદ્વીપ ટાપૂ સમુહ વચ્ચેની મુસાફરી માટે આ સ્થળો વચ્ચે શીપીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા દ્વારા ચલાવવામાં આવતા જહાજ દ્વારા મુસાફરી માટે નીચે મુજબ પાત્રતાનાં (Entitlements) ધોરણો નક્કી કરવામાં આવે છે.

| પગાર શ્રેણી | | પાત્રતા(Entitlements) |
|---|---|---|
| ૧. | રૂા.૮૦૦૦ અને તેથી વધુ મુળ પગાર | ડીલક્ષ કલાસ(Deluxe Class) |
| ૨. | રૂા.૬૫૦૦ અને તેથી વધુ પરંતુ રૂા.૮૦૦૦ થી ઓછો મુળ પગાર | પ્રથમ / ''એ'' કેબીન કલાસ (First \ "A" Cabin Class) |
| ૩. | રૂા.૪૧૦૦ અને તેથી વધુ પરંતુ રૂા.૬૫૦૦ થી ઓછો મુળ પગાર | બીજો વર્ગ / ''બી'' કેબીન કલાસ(Second \ "B" Cabin Class) |
| ૪. | રૂા.૪૧૦૦ થી ઓછો મુળ પગાર | બન્ક કલાસ(Bunk Class) |

૨...

૩. રજા પ્રવાસ રાહત હેઠળ હવાઇ માર્ગે મુસાફરી કરવાની પાત્રતા ધરાવતા ન હોય તેવા કર્મચારીઓ આંદોમાન, નિકોબાર અને લક્ષદ્વીપ ટાપૂઓ વચ્ચે હવાઇ માર્ગે મુસાફરી કરે તો આ અંગેનો દાવો શીપીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ દ્વારા ચલાવવામાં આવતા જહાજના જે તે પાત્ર વર્ગનું જહાજભાડું અથવા વિમાન ભાડું એ બન્નેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે.

૪. સરકારી કર્મચારીઓને ૩૦૦૦ કી.મી.ની એકતરફી મર્યાદામાં રજા પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર છે. (જવા-આવવાના ૬૦૦૦ કી.મી.) આંદોમાન, નિકોબાર અથવા લક્ષદ્વીપ ટાપૂ સુધીનું રજા પ્રવાસ રાહત લેતા કર્મચારીના કિસ્સામાં ઉપર્યુક્ત મર્યાદા કરતાં કી.મી. વધી જતા હોય તેવા કિસ્સામાં વધારાના કીમી.નું ભાડું રેલ્વે અથવા સ્ટીમર ભાડું એ બેમાંથી જેનું ભાડું ઓછું હોય તેમાંથી કપાત કરવાનું રહેશે. તેજ રીતે હવાઇ માર્ગે પ્રવાસ કરવાની પાત્રતા ધરાવતા અધિકારી દ્વારા હવાઇ માર્ગે મુસાફરી કરી હોય તો હવાઇ પ્રવાસમાંથી કપાત કરવાની રહેશે.

૫. રજા પ્રવાસ રાહત અંગેની અન્ય શરતો યથાવત્ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**નીતિન મહેતા**
ઉપ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- ★ માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ /રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- ★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ★ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ★ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ★ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ★ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ★ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૨, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ. / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષક.
- પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
- પગાર અને હિસાબ અધિકારી, નર્મદા, વડોદરા / ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- તમામ બોર્ડ /કોર્પોરેશન/યુનિર્વસીટીઓ અને જાહેર સાહસો.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / નાણા સલાહકારશ્રીઓ તેમજ શાખાઓ.
- સર્વે માન્ય મંડળો. (પંચાયત સેવાના એસોસીએશનો સહિત)
- પસંદગી ફાઇલ, ''ચ''શાખા.
- <u>''ક''વર્ગ ફાળવણી.</u>

★પત્રદ્વારા.